| सौराष्ट्र युनिवर्सिटी<br>सौराष्ट्र युनिवर्सिटी कार्यालय<br>युनिवर्सिटी रोड<br>राजकोट - ३६०००५ | SAURASHTRA UNIVERSITY<br>Re-Accredited Grade "A" by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય<br>યુનિવર્સીટી રોડ,<br>રાજકોટ - ૩૬૦ ૦૦૫ |
|---|---|---|
| No/phy.edu./ /2015 | | Dt:01-06-2015 |

વિષય.: "આંતર રાષ્ટ્રીય યોગ દિવસ " ની ઉજવણી બાબત :-

સંદર્ભ.: કલેકટર કચેરી, રાજકોટ,નાં પત્ર નં. જી.પ./આરોગ્ય-કુક/પી.એનડીટી/વશી/૯૪-૧૧૧/૧૫ ,તા.૦૫/૦૫/૨૦૧૫.

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સલંગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ, યુનિવર્સીટીના સર્વે ભવનના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સીટીના સર્વે વિભાગના વડાઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુંકે તા.૧૨/૦૫/૨૦૧૫ ગુજરાત સરકાર,શિક્ષણ વિભાગ,પરિપત્ર ક્માંક :- પ્રચ-૨૭૧૨-૧૨૫૨૦૧૫-ખ,સચિવાલય,ગાંધીનગર. ના સામેલ પત્રમાં જણાવ્યા પ્રમાણે તાજેતરમાં યુનાઇટેડ નેશન્સ (યુ.એન.) દ્વારા ૨૧ મી જુનને "ઇન્ટરનેશનલ ડે ઓફ યોગા" તરીકે જાહેર કરવામાં આવેલ છે.દેશના નાગરિકોમાં યોગ વિશેની જાગૃતિ વધે તે હેતુથી સમગ્ર દેશમાં ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા આ દિવસે મોટા પાયે ઉજવણી કરવાનું નિશ્ચિત કરવામાં આવ્યું છે.ઉપરોક્ત ઉજવણીમાં સમાજના તમામ વર્ગને સામેલ કરી કોઇ એક ચોક્કસ વર્ગનો કાર્યક્રમ ન રહે તે રીતે ઉજવણી કરવાનું નક્કી થયેલ યોગના મહત્વથી સમાજના દરેક ઉમરના વ્યક્તિને માહિતગાર કરી,સામાજિક જનજાગૃતિ આવે અને માનવ વિકાસ સાથે સ્વાસ્થ્ય પૂર્ણ જીવન માટે યોગ જીવનચર્યાનો ભાગ બનાવવાનું આયોજન છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કક્ષાએથી ૨૧ મી જુન "ઇન્ટરનેશનલ ડે ઓફ યોગા" ની ભવ્ય ઉજવણી થાય અને કાર્યક્રમનું સુચારુપણે આયોજન થાય તે હેતુથી નીચે પ્રમાણે સૂચનાઓ આથી પરિપત્રિત કરવામાં આવે છે.

૧) ઉક્ત કાર્યક્રમને સફળતા પૂર્વક ઉજવવા માટે દરેક શૈક્ષણિક સંસ્થાએ આગોતરી તૈયારી કરી કાર્યક્રમને સફળ બનાવવાનો રહેશે.આં દિવસે સંસ્થાના વડા/આચાર્ય/અધ્યાપકો,કર્મચારીઓ,અને વિદ્યાર્થીઓ ફરજીયાતપણે હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૨) સામેલ પત્રમાં જણાવ્યા મુજબ તા.૧૬ અને ૧૭ જુનના રોજ તાલીમનું આયોજન કરવાનું રહેશે તથા તા.૦૧-૦૬-૨૦૧૫ થી તા.૨૧-૦૬-૨૦૧૫ સુધી સમગ્રપણે કાર્યક્રમના માર્ગદર્શનની પૂર્વ તૈયારી માટે BISAG દ્વારા યોગ સબંધિત કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે જેનો લાભ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓને મળે તેવું આયોજન કરવાનું રહેશે.

૩) ઉપરોક્ત કાર્યક્રમનું અસરકારક અમલીકરણ થાય અને તેની સફળતાપૂર્વક ઉજવણી થાય તે હેતુસર ભારત સરકારના આયુષ મંત્રાલય તરફથી તૈયાર કરવામાં આવેલ સી.ડી. આ સાથે સામેલ છે જેનું કોલેજ કક્ષાએ નિદર્શન કરી વિદ્યાર્થીઓ તથા અધ્યાપકશ્રીઓને યોગાસનની તાલીમ આપવી.

૪) ૨૧ મી જુનના દિવસે સવારે ૭.૦૦ કલાક થી ૭:૩૩ કલાક સુધી આં પરિપત્ર સાથે સામેલ કાર્યક્રમ મુજબ ઉજવણી કરવાની રહેશે.તે પહેલા કાર્યક્રમની ઉજવણી માટે જરૂરી તમામ વ્યવસ્થા સંસ્થાના આચાર્યશ્રી અને નોડેલ ઓફિસરે સંકલનમાં રહી કરવાની રહેશે.

(P.T.O)

૫) ઉજવણીના દિવસે કરેલ કામગીરીનો ફોટા સહિતનો અહેવાલ કાર્યક્રમની પુર્ણાહુતી બાદ તુર્તજ આગળ જણાવ્યા મુજબ સબંધિત સંસ્થાઓએ નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત (KCG), એલ.ડી.એન્જીનીયરીંગ કોલેજ કેમ્પસ,નવરંગપુરા,અમદાવાદને તથા જી.સી.ઈ.આર.ટી.,ગાંધીનગરને મોકલવાનો રહેશે. તથા એક કોપી સૌરાષ્ટ્ર યુનિવર્સીટીને dep.of.phy.edu@gmail.com મેઈલ એડ્રેસ પર મેઈલ કરવાની રહેશે.

૬) સંસ્થાઓના વડાઓએ આ કાર્યક્રમની પુરતી પ્રસિદ્ધિ થાય અને વિદ્યાર્થીઓને તેઓના જીવનમાં યોગના મહત્વને મૂર્તિમંત કરી તેઓ તેમની રોજીંદી દિનચર્યાનો ભાગ બંને તેવા સઘન પ્રયાસો કરવાના રહેશે.

૭) ઉજવણી માટેની માર્ગદર્શન રૂપ સી.ડી. આ સાથે સામેલ છે તેમજ તેમાં દર્શાવ્યા મુજબના આસનો દ્વારા ૨૧ મી જુન ૨૦૧૫ના રોજ સવારે ૭.૦૦ થી ૭.૩૩ દરમ્યાન પ્રત્યેક કોલેજો ખાતે સમગ્ર કાર્યક્રમ કરવો અને આ અંગે વિદ્યાર્થીઓ/વાલીઓમાં જાગૃતિ આવે તેવા પુરતા પ્રયત્નો સંસ્થા કક્ષાએથી કરવાના રહેશે.

૮) ૨૧ મી જુન "ઇન્ટરનેશનલ ડે ઓફ યોગા" ની ભવ્ય ઉજવણી થાય અને કાર્યક્રમનું સુચારુપણે આયોજન થાય તે હેતુથી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કક્ષાએ નોડલ ઓફિસર તરીકે ડૉ. કલાધરભાઈ આર્ય (૯૦૯૯૯-૪૪૫૫૭) કો-ઓર્ડીનેટર તરીકે શ્રી પ્રકાશ દુધરેજીયા (૯૪૨૬૨-૩૩૩૩૩) તથા રાજકોટ સીટી સ્થિત કોલેજો માટે આચાર્ય શ્રી ડૉ.રાજેશભાઈ કાલરીયા( ૯૦૯૯૦-૪૦૪૦૪) ની માનનીય કુલપતીશ્રીના આદેશ અનુસાર નિમણુંક કરવામાં આવી છે જેની નોંધ લેવા અને જરૂરી સંકલન કરવા વિનંતી છે.

બિડાણ:

- ભારત સરકારના આયુષ મંત્રાલયમાંથી
  આવેલ સી.ડી.ની નકલ.

કુલસચિવ

નં.શા.શી./અજા/૧૯/ – /૨૦૧૫.
શારિરીક શિક્ષણ વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ,
રાજકોટ.
તા.૦૨/૦૬/૨૦૧૫.

પ્રતિ,

૧ - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સલગ્ન રાજકોટ શહેર/જીલ્લાની કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ,
૨ - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલિત ભવનોના અધ્યક્ષશ્રીઓ,
૩ - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના સર્વે વિભાગ ના વડાઓ,

નકલ રવાના જાણ અર્થ :-

૧ - માન કુલપતિશ્રી નાં અંગત સચિવશ્રી,
૨ - માન કુલસચિવશ્રી નાં અંગત સચિવશ્રી,
૩ - કલેકટરશ્રીના અંગત સચિવશ્રી, કલેકટર કચેરી રાજકોટ.
૪. - એન.એસ.એસ. વિભાગ